પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૯ | ૨૦ જાન્યુઆરી, ૨૦૧૮, શનિવાર ; મહા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**પદ્માવત અને પેડમેન સાથે રીલીઝ નહી થાય**

સંજય લીલા ભણસાલીની પદ્માવત અને અક્ષયકુમારની પેડમેન હવે એક સાથે રીલીઝ નહી થાય. બંનેએ સાથે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું હતું કે, ૨૫મીએ પદ્માવત અને ત્યારબાદ પેડમેન રીલીઝ થશે.

**પ્રસૂન જોશીનો રાજસ્થાનમાં પ્રવેશ નહી**



સેન્સર બોર્ડના ચેરપર્સન પ્રસૂન જોશીને રાજસ્થાનમાં પ્રવેશવા નહીં દેવાય. રાજપૂત કરણી સેનાના સુખદેવસિંગે ધમકી ઉચ્ચારી છે.

**કોર્પોરેટ ડેટા પોર્ટલ લોન્ચ**


કેન્દ્રિય નાણામંત્રી અરુણ જેટલીએ નવી દિલ્હીમાં કોર્પોરેટ ડેટા પોર્ટલ લૉન્ચ કર્યું છે.

**સોલાર પ્રોજેક્ટ માટે ૩૫૦ મીલીયન ડોલર વપરાશે**

અબુધાબીમાં યોજાઈ રહેલી ફયુચર વર્લ્ડ એનર્જી સમિટ ૨૦૧૮માં પાવર અને રીન્યુએબલ એનર્જી વિભાગના રાજયમંત્રી રાજકુમાર સિંગે જાહેરાત કરી છે કે આગામી દિવસોમાં સોલાર પ્રોજેક્ટ માટે ૩૫૦ મીલીયન ડોલરનું ફંડ વાપરવામાં આવશે.

# પાકિસ્તાનનો અંધાધુંધ ગોળીબાર

**એલઓસી પર ૪૦થી વધુ ચોકીને ટાર્ગેટ કરીને પાકિસ્તાનનો ફરીવાર ગોળીબાર : બે નાગરિકોના મોત : બીએસએફ જવાન શહીદ : સામાન્ય લોકોને ટાર્ગેટ બનાવી ગોળીબાર કરતા લોકોમાં આક્રોશ : સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ : હુમલામાં અન્ય ૪ ઘાયલ થયા : જડબાતોડ જવાબ**



જમ્મુ,તા. ૧૯

પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ભારતીય ચોકીઓ પર ગોળીબાર કરવાનો સિલસિલો જારી રાખ્યો છે. આજે સવારે આરએસ પુરા સેક્ટરમાં પાકિસ્તાને ભીષણ ગોળીબાર કર્યો હતો. ભારતની ૪૦થી વધારે ચોકીઓને ટાર્ગેટ કરીને કરવામાં આવેલા ગોળીબારમાં બે સ્થાનિક લોકોના મોત થયા હોવાના હેવાલ મળ્યા છે. અન્ય સાત લોકો ઘાયલ થયા છે. આજે સવારે ૬-૩૦ વાગ્યાની આસપાસ અરણિયા, રામગઢ સેક્ટરમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેનાએ સતત બીજા દિવસો ગોળીબાર કર્યો હતો. ગઈકાલે ગુરૂવારના દિવસે પણ કાશ્મીરના આરએસ પુરા સેક્ટરમાં પાકિસ્તાને ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાનના અવિરત ગોળીબારના કારણે સરહદ પર વિસ્ફોટક સ્થિતી સર્જાઇ ગઇ છે. આંતરરાષ્ટ્રીય સરહદ નજીક વિસ્તારમાં પાકિસ્તાને ગુરૂવારના દિવસે ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાનના આ ગોળીબારમાં

● અનુસંધાન પાન-૭ પર

## હવે ઉત્તરાખંડ સરહદે ભારતને ઘેરવા 'ડ્રેગન'ની નવી ચાલ

**ભારતે તેની આર્મી પર કડક કંટ્રોલ મૂકવો પડશે : ચીન**

બેઈજિંગ,તા.૧૯

વર્ષ ૨૦૧૯ની પૂર્વસંધ્યા પર ચીનના પ્રેસિડેન્ટે દેશવાસીઓને નામ પોતાના સંદેશમાં કહ્યું હતું કે, 'ચીન વિશ્વમાં શાંતિ સ્થાપવા કામ કરશે, વિશ્વના વિકાસમાં પોતાનું યોગદાન આપશે અને આંતરરાષ્ટ્રીય સરહદોની રક્ષા કરશે'.જોકે વાસ્તવિકતા કંઈક અલગ જ છે. જિનપિંગના ભાષણમાં અને તેના વ્યવહારમાં કોઈ જ સમાનતા નથી. ભારતની સરહદો પર ભારતીય સૈન્યની ગતિવિધિને લઈને પણ ચીનના પેટમાં તેલ રેડાઈ રહ્યું છે. ડોકલામ જેવી ઘટનાઓ બાદ પણ ભારત અને ચીનના સંબંધોમાં સ્થિરતા નથી જોવા મળી રહી. જે સ્થિતિ સર્જાઈ રહી છે તે જોતાં લાગી રહ્યું છે કે, આગામી સમયમાં બન્ને દેશ વચ્ચે ઉત્તરાખંડ સરહદ સહિત અનેક મોરચે ટકરાવની સ્થિતિ સર્જાઈ શકે છે.

ચીન એ વાતને પચાવી નથી શક્યું કે, ડોકલામ સેક્ટરમાં તેના દ્વારા રોડ બનાવવાના પ્રયાસને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યો હતો. ચીનની સેના પીપલ્સ લિબરેશન આર્મીની વેબસાઈટના જાણકારોએ જણાવ્યું છે કે, આ વખતે ચીનની તૈયારી પહેલા કરતાં વધુ મજબૂત છે.

ચીનના રાષ્ટ્રીય રક્ષામંત્રાલયના પ્રવક્તાએ એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, ભારતે તેની આર્મી પર કડક કંટ્રોલ મુકવો પડશે. તેણે કહ્યું કે, ચીન હવે આ પ્રકારના ટકરાવની સ્થિતિનો સામનો કરવા વધુ તૈયારી કરી રહ્યું છે. ઉપરાંત ચીનના રાષ્ટ્રીય રક્ષામંત્રાલયના પ્રવક્તાએ ભારત દ્વારા પોતાની જ સરહદમાં બનાવવામાં આવી રહેલા રસ્તાઓ અંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી. ચીની જાણકારોએ આશંકા વ્યક્ત કરી છે કે, ભારત દ્વારા સરહદો પર પાકા રસ્તાનું નિર્માણ બન્ને દેશો વચ્ચે વધુ એક ટકરાવની સ્થિતિને નિમંત્રણ આપી શકે છે.

# એએપીના ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવા ભલામણ

**રાષ્ટ્રપતિ પંચના નિર્ણય પર મંજુરીની મહોર મારશે તો દિલ્હીમાં સીટો ઉપર ચૂંટણીની શક્યતા : ગેરલાયક જાહેર કરાશે તો પણ કેજરીવાલ સરકાર ટકશે**

નવીદિલ્હી,તા. ૧૯

દિલ્હીમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં એએપી સરકારને મોટો ફટકો પડ્યો છે. કારણ કે, ચૂંટણી પંચે લાભના હોદ્દાના મામલામાં એએપીના ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરી દીધા છે. ચૂંટણી પંચે પોતાનો અહેવાલ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને મોકલવા તૈયારી કરી લીધી છે. હવે તમામની નજર રાષ્ટ્રપતિ કોવિંદ ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. જે મામલામાં અંતિમ મંજુરીની મહોર મારનાર છે. રાષ્ટ્રપતિ જો ચૂંટણી પંચની ભલામણના આધાર પર આ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરશે તો દિલ્હીમાં આ તમામ સીટો ઉપર ફરીથી ચૂંટણી માટેની સ્થિતિ સર્જાઈ શકે છે અને આમ આદમી પાર્ટીને મરણતોડ ફટકો પડી શકે છે. અલબત્ત એક બાબત નક્કી છે કે, ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવાની સ્થિતિમાં પણ ૬૭ સીટોની બમ્પર બહુમતિ ધરાવનાર કેજરીવાલ સરકાર અકબંધ રહેશે. આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. આમ આદમી પાર્ટીએ આ મામલામાં ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર પર તેજાબી પ્રહારો કર્યા છે. એએપીના ધારાસભ્ય સૌરભ ભારદ્વાજે કહ્યું છે કે, મુખ્ય ચૂંટણી કમિશનર અચલ કુમાર જોતિનો ૨૩મી જાન્યુઆરીના દિવસે જન્મદિવસ છે. તેઓ ૬૫ વર્ષના થઈ રહ્યા છે. જોતિ નિવૃત્ત થતાં પહેલા વડાપ્રધાન મોદીને ખુશ કરવા ઈચ્છુક છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, ચૂંટણી પંચમાં આમ આદમી પાર્ટીના

● અનુસંધાન પાન-૭ પર

# હોમ-કાર લોન મોંઘી થવાના સાફ સંકેતો

**બેંક રેટમાં વધારો થવાની શરૂઆત**

મુંબઈ,તા. ૧૯

આવનાર મહિનાઓમાં હોમ અને કાર લોન મોંઘી થઈ શકે છે. કારણ કે બેંક રેટમાં વધારો થવાની શરૂઆત થઈ ચુકી છે. હોમ અને કાર લોન મોંઘી બનવાની સ્થિતીમાં ખરીદીની યોજના બનાવી રહેલા લોકોને ફટકો પડી શકે છે.

એક્સિસ બેક, કોટક મહિન્દ્રા બેંક, ઈન્ડસ ઈંડેંક અને યશ બેંક જેવી પ્રાઈવેટ સેક્ટરની બેંકોએ જાન્યુઆરીથી પોતાના બોન્ચમાર્ક માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ્ટ બેસ્ડ લેન્ડિંગ રેટમાં પાંચથી ૧૦ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો છે. એક બેઝિક પોઈન્ટ ૦.૦૧ ટકા હોય છે.બેંકોએ એપ્રિલ ૨૦૧૬માં નવા એમસીએલઆરસિસ્ટમને અપનાવી લીધા બાદ પ્રથમ વખત રેટમાં વધારો કર્યો છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આનુ કારણ છેલ્લા કેટલાક સમયમાં ડિપોઝિટ પર બેંકોની ચુકવણી વધી છે. શોર્ટ ટર્મ રેટમાં તેજી જારી રહી શકે છે. કોટક મહિન્દ્રા બેંકના જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર દીપક ગુપ્તાએ માહિતી આપતા કહ્યુ છે કે સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ રેટ તમામ અવધિ માટે ૫૦ બેઝિક પોઈન્ટ વધી ગયા છે. આરબીઆઈએ પહેલાથી જ રેટમાં વધુ ઘટાડો કરવાના સંકેત આપી દીધા છે. એમ લાગે છે કે બેંક ધિરાણ દર પર અહીંથી વધારે નીચે પહોંચી જાય તેવા સંકેત મળી રહ્યા છે. કોટક મહિન્દ્રા બેંકે તમામ અવધિ માટે રેટમાં ૫-૧૦ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો છે. બેંકોની પાસે એમસીએલઆર હેઠળ સાજ જુદી જુદી અવધિ ઓવરનાઈટ, એક મહિના, ત્રણ મહિના, છ મહિના, એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ છે. એસીએલઆર સાથે સંબંધિત તમામ લોન માટે રેટ હવે વધી જશે. આરબીઆઈની મોનિટરી પોલીસી કમિટીની બેઠક છઠ્ઠી ડિસેમ્બરના દિવસે મળી હતી. જેમાં પોલીસી રેટને યથાવત છ ટકાના દરે રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ પહેલા ફુગાવાનો દર વધીને સાત મહિનાની ઉંચી સપાટી પર પહોંચી ગયો હતો. યશ બેંકે પણ જાન્યુઆરી મહિનાથી તમામ અવધિ માટે એમસીએલઆરના રેટમાં ૧૦ બેઝિક પોઈન્ટનો વધારો કરવાની જાહેરાત કરી દીધી છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે શોર્ટ ટર્મ રેટ વધી રહ્યા છે.

# પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મધ્યપ્રદેશના રાજ્યપાલ પદે નિમાયા

**ગુજરાતના રાજકારણને રામરામ કરી મધ્યપ્રદેશના વહીવટી વડા તરીકે જઈ રહેલ રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી : આનંદીબેનની દિર્ઘદ્રષ્ટિ અને વહીવટી ક્ષમતાનો મધ્યપ્રદેશને લાભ થશે**

ગાંધીનગર, તા. ૧૯

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે નિયુક્તી કરી છે. આજે મોડી સાંજે આ અંગેની સત્તાવાર જાહેરાત થઈ છે.



સોશ્યલ મિડિયાથી પોતાના હોદ્દાનું રાજીનામુ આપી રાજકીય સન્નાટો ઉભો કરનાર રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ વિધાનસભાની ચૂંટણી પૂર્વે રાજ્યપાલ નહિ થાવુ; ગુજરાત છોડી જવાની નથી તેવી વાતો કરી હતી. હવે તેમને આ હોદો સ્વીકારવો પડ્યો છે. જો કે વિધાનસભાની ચૂંટણી પહેલાં જ તેમણે પક્ષનું મોવડીમંડળ કહેશે તેમ કરવાની તૈયારી દર્શાવી હતી અને જાહેરમાં પણ કહ્યું હતું.

આનંદીબેન પટેલ હાલ વિદેશ પ્રવાસે ગયેલા છે. તેઓ એકાદ બે દિવસમાં પરત ફરશે આ પછી તેમની નવી જવાબદારી સ્વીકારશે તેમ મનાઈ રહ્યું છે.

રાજ્યસભાની ચૂંટણીમાં સૌથી વધુ મત મેળવી ગુજરાતના રાજકારણમાં તરખાટ મચાવનાર આનંદીબેન પટેલ ૧૯૯૫માં વિધાનસભામાં પ્રવેશ્યા હતા. તેમણે મંત્રી તરીકે શિક્ષણ, મહિલા બાળ વિકાસ તેમજ મહેસુલ, શહેરી વિકાસ વિભાગ જેવા અગત્યના વિભાગો સંભાળ્યા હતા.

વિશાળ વહીવટીય અનુભવ ધરાવતા આનંદીબેન પટેલ ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી પણ ધરાવતા હતા. તેમણે શાળાના શિક્ષક અને આચાર્ય તરીકે સેવાઓ આપી હતી અને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો હતો.

મહેસુલમંત્રી તરીકે તેમણે જિલ્લાઓના રિસર્વેનો મહત્વનો નિર્ણય તેમજ મહેસુલના અન્ય મહત્વના

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણી પંચની ભલામણ સામે એએપી દિલ્હીની હાઈકોર્ટમાં

નવીદિલ્હી,તા. ૧૯

એએપીના ૨૦ ધારાસભ્યોને લાભના પદના મામલામાં ગેરલાયક જાહેર કરવામાં આવ્યા બાદ એએપી લાલઘૂમ દેખાઈ રહી છે. એએપીના ધારાસભ્યોએ તેમને ગેરલાયક જાહેર કરવા રાષ્ટ્રપતિ સમક્ષ ભલામણ કરવાને લઈને ચૂંટણી પંચ સામે દિલ્હી હાઈકોર્ટમાં રજૂઆત કરી દીધી છે.

મુખ્ય કારોબારી જસ્ટિસ ગીતા મિત્તલના નેતૃત્વમાં બેંચ સમક્ષ સાત ધારાસભ્યો દ્વારા અરજી દાખલ કરી દેવામાં આવી છે અને તાકિદની સુનાવણીની માંગ કરવામાં આવી છે. ચૂંટણી પંચ સમક્ષ આ અરજી ૨૧ ધારાસભ્યો સામે પ્રશાંત પટેલ નામની વ્યક્તિ દ્વારા કરવામાં આવી હતી. આ ૨૧ ધારાસભ્યોની દિલ્હીમાં એએપી સરકાર દ્વારા સંસદીય સચિવ તરીકે નિમણૂંક કરવામાં આવ્યા બાદ હોબાળો મચી ગયો હતો. ચૂંટણી પંચે રાષ્ટ્રપતિને ભલામણ કર્યા બાદ હવે જોરદાર રાજકીય ગરમી જામી છે. ચૂંટણી પંચ ઉપર એએપીએ ગંભીરપ્રકારના આક્ષેપો કર્યા છે.







